જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૧/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૫૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૦	૦	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૫૨૩	૧૪	૭૩૫૩૭	૭૪૫૯૭	૧૪	૭૪૬૧૧
કુલ		૯૦૦૮૭	૧૪	૯૦૧૦૧	૯૯૦૯૭	૧૪	૯૯૧૧૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૨૧	૨,૬૪,૦૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૫	૧,૯૫,૦૦૦/-

જાહેરનામા ભંગના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી પોતાના કબ્જામા એક ધારદાર ખંજર લઇ જાહેરમા ફરતા ઇસમને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કે.ડી.જાડેજા સા.ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ તથા શરીર સબંધી તથા મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ આજરોજ સર્વેલન્સ સ્કવોડના પો.સબ ઇન્સ. વી એ હરકટ તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા. દરમ્યાન મેઘાણીનગર મેમ્કો બ્રીજ નીચે આવેલ કુંભાજીની ચાલી શિવજીના મંદીર પાસે જાહેરમા એક ઇસમ પોલીસ સ્ટાફના માણસોને જોઇ ભાગવા જતા જે શકમંદ હાલતમા જણાતા સ્ટાફના માણસોએ દોડીને સદરી ઇસમને પકડી સદરીની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા સદરીના વાદળી કલરના ચણાના ખીસ્સામાથી એક લોખંડનુ કાળા કલરનુ ધારદાર ખંજર મળી આવેલ જે ખંજર એક બાજુ ધારદાર તથા અણીવાળુ છે. જે સાથે પકડી પાડેલ હોય જેથી સદરી ઇસમે મે.પોલીસ કમીશ્નર સા.શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક વિ.શા./હથિયારબંધી જાહેરનામુ/એ-સેકશન/૫૨મીટ/૧૫૦/૨૦૨૧ તા.૨૭/૧૦/૨૦૨૧ ના જાહેરનામાનો ભંગ કરી મળી આવેલ હોય તો સદરી વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.બી.ગુ.૨.નં-૧૧૧૯૧૦૩૩૨૧૧૨૩૧/૨૦૨૧ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ.

ગુ.૨.નંબર- તથા કલમ-

મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.બી.ગુ.૨.નં-૧૧૧૯૧૦૩૩૨૧૧૨૩૧/૨૦૨૧ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ

આરોપીનુ નામ સરનામુ

વિશાલ ઉર્ફે બટકો સ/ઓફ બાલગોવીંદસીંગ બલવંતશિવરાજસીંગ જાતે કુશ્વાહ ઉવ-૨૧ રહેવાસી-હાલમા મહિપતસીંગની લાઇન કુંભાજીની ચાલી મેમ્કો બ્રીજ નીચે રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગાવ-બહેરામપુર જીલ્લો-કાનપુર (ઉત્તરપ્રદેશ)

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ. રમેશભાઇ વશરામભાઇ બ.નં.૭૮૫૪ (૩) અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ (૪) અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ (૫) અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં-૧૪૮૦ (૬) પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮ (૭) રીતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ (૮) જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮




પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) સેટેલાઇટ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૧૦૩૪૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૫૦૭/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૫૭૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા (૪) સેટેલાઇટ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૧૦૪૫૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તથા (૫) વસ્ત્રાપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૧૦૮૯૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૨૨/૨૦૨૧ તા-૧૧/૧૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૧/૧૧/૨૦૨૧ ના કલાક-૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૧/૧૧/૨૦૨૧

આરોપીનુ નામ –

સુમેરસિંહ ઉર્ફે દીપુ લક્ષ્મણસિંહ રાવત ઉ.વ.૨૨ હાલ રહે.નાના ચિલોડા, શિવપાર્ક, મારવાડીના મકાનમાં, નાના ચિલોડા અમદાવાદ મુળ વતન ગામ-સારણ (બારાતો કા ઓડા) થાણા-શિરિયારી તા-મારવાડ (જંકશન) જી.પાલી રાજસ્થાન

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૦૫૯/૨૦૨૧**

આનંદનગરઃ પ્રદીપભાઈ રહનીભાઈ શેન (રહે.વિનસ પાર્ક લેન્ડ શીવમ હોસ્પિટલ સામે વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૧/૧૧/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વેજલપુર વસ્ત્રાપુર ફાટક રોડ ચંદ્રમૌલી સ્કૂલ સામે લક્ષ્મીકૃપા સોસાયટીની બાજુમાં પોતાની કૃષ્ણા ફાર્મા નામની દવાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી કોસ્મેટીક્સ ચીજ-વસ્તુઓ, દવાઓ અને રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

અમરાઈવાડીઃ મીઠુભાઇ ઇશ્વરભાઇ વણઝારા (રહે. શિવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ સામે કૃષ્ણનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૧૫ થી તા.૧૧/૧૧/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી ન્યુ કોટન મીલ પાસે સિધ્ધી વિનાયક એસ્ટેટમાં દુકાન નંબર એસ/૪ ડીલીવરી સેન્ટરના દરવાજાના શટર ખોલી અજાણી વ્યક્તિ ડીલીવરી સેન્ટરમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી. કેમેરા ડીવીઆર કિમત રૂપિયા ૭૦૦૦/- અને રોકડા રૂપિયા ૩,૪૭,૮૨૨/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.ડામોર ચલાવે છે.

શાહીબાગઃ ધર્મિષ્ઠાબહેન ચંદ્રકાંતભાઇ લેઉવા (રહે. ન્યુ લક્ષ્મીનગર સોસાયટી શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લેડીઝ પર્સમાંથી તીજોરીની ચાવી કાઢી તીજોરી ખોલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૬,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

દાણીલીમડાઃ ફાહીદભાઇ ફારૂકભાઇ કુરેશી (રહે. બ્લોક નંબર-એ શેખાવટી પ્લાઝા દાણીલીમડા ભજીયા હાઉસ પાછળ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૧,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

બેગ ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૨૦૬૦/૨૦૨૧**

રાણીપઃ ધર્મપાલ સ/ઓ અમરતલાલ સોની (રહે. કલ્યાણપુરા માર્ગ નંબર-૪ સુભાષ ચોકની બાજુમા તા.જી.બાડમેર રાજસ્થાન) એ તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ સર્કલ પાસે આવેલ એસ.બી.આઇ બેંકની બહાર પવનકુમાર આશુરામજી શર્મા (પંડીત) (ઉ.વ.૨૨) (રહે. ચિતરકાપાટ તા.બાયતુ જી.બાડમેર રાજસ્થાન) નાઓના હાથમાંથી બે પુરૂષ બેગ ઝુટવી લઈ ગયા હતા. જે બેગમાં ૧૦૦-૧૦૦ ગ્રામના સોનાના બિસ્કીટ નંગ-૫ કિંમત રૂપિયા ૨૪,૯૧,૪૧૦/-, ચાંદીના બિસ્કીટ ૩ કિલો ૮૧૪ ગ્રામ કિંમત રૂપિયા ૨,૫૦,૨૬૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૭,૪૯,૬૭૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૦૬૧/૨૦૨૧**

પાલડીઃ ઉષાબહેન ડો/ઓ ખીમજીભાઇ મકવાણા (ઉ.વ.૩૬) (રહે. ચમારવાસ મીરાવાડી ધંધુકા જી.અમદાવાદ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પાલડી ચાર રસ્તા સૌરાષ્ટ્ર એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે બસમાં ચઢતા હતા ત્યારે ઉષાબહેનના બેગમાંથી અજાણી વ્યક્તિએ ઉષાબહેનની નજર ચુકવી સોનાની ચેઈન પેડલ સાથે કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. તેમજ તે જ જગ્યાએ એ.એમ.ટી.એસ. બસમાં ચઢતા અન્ય મહીલાનુ ખીસુ કાપી રોકડ રૂપિયા ૪૨,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૬૨/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ મેઘાબહેન ડો/ઓ દીપકભાઈ કંસારા (ઉ.વ.૨૯) (રહે.કેનયુગ એપાર્ટમેન્ટ શ્યામલ ચાર રસ્તા પાસે માણેકબાગ રોડ સેટેલાઈટ) એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે મેઘાબહેન તેઓના પિતા દીપકભાઈ કાંતીલાલ કંસારા (ઉ.વ.૭૦) ને એકટીવા પાછળ બેસાડી એક્ટીવા ચલાવી આસ્ટોડીયા દરવાજા થી એસ.ટી.બસ સ્ટેન્ડ તરફ ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ ઓફીસ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ ઝેડ ૭૦૭૮ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારી થી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા મેઘાબહેન અને તેમના પિતા દીપકભાઈ એક્ટીવા ઉપરથી પડી જતા મેઘાબહેનના પિતા દીપકભાઈ બસના ટાયર નીચે આવી જતા ગંભીર ઈજાઓ થતા દીપકભાઇનુ સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

ભુલથી ઝેરી દવા પી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૦૬૩/૨૦૨૧**

નરોડાઃ નવિનકુમાર રમેશચંદ્ર ભટ્ટ (ઉ.વ.૩૭) (રહે. વાઇબ્રન્ટ રેસીડેન્સી નરોડા દહેગામ રોડ) ને ઉધરસ થતા પોતાના ઘરે ઉધરસની દવાની બોટલના બદલે ભુલથી ઝેરી દવાની બોટલમાંથી દવા પી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૩/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતીકભાઇ ભાનુપ્રસાદ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૬૪/૨૦૨૧**

આનંદનગરઃ સેજલબહેન વા/ઓ દિલીપભાઈ પટેલ (ઉ.વ.૪૩) (રહે. શ્યામતીર્થ એપાર્ટમેન્ટ સત્યમ સ્ટેટસ સામે, ચંદન પાર્ટી પ્લોટની બાજુમા, સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૧ રાતના ૯/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપસિંહ અભેસિંહ ચલાવે છે.

સરખેજઃ સરખેજ મકરબા ગામ ક્રેશન્ટ સ્કુલ ખાતે રહેતા દિનેશભાઇ મોતીભાઇ ભાભોર (મુળ વતન. ગામ-નશીપુર, તા-જી-દાહોદ) નાઓની ચૌદ વર્ષની પુત્રી શિવાનીબહેને અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.